# ગુરુપૂર્ણિમાની વાર્તા

*ગુરુપૂર્ણિમા, ભારતનો એક પ્રાચીન ઉત્સવ છે. આ એ સમયની વાત છે જ્યારે ભારતીય આધ્યાત્મિક પરંપરાના આધાર રૂપે ચાર વેદોની સ્થાપના થઈ હતી. મહર્ષિ વેદવ્યાસ, જેમણે વેદોનું સંકલન કર્યું હતું તેમજ મહાભારત અને છત્રીસ પુરાણોની રચના કરી હતી, તેમની પ્રેરણાથી જ ગુરુપૂર્ણિમાના આ ઉત્સવનો આરંભ થયો હતો. ગુરુપૂર્ણિમાનો આ મહોત્સવ શ્રીગુરુના સન્માનમાં મનાવવામાં આવે છે.*

મહર્ષિ વેદવ્યાસના શિષ્યોનાં હૃદય, તેમના પરમપ્રિય શ્રીગુરુ પાસેથી પ્રાપ્ત કૃપા અને અમૂલ્ય જ્ઞાન પ્રત્યે કૃતજ્ઞતા અને આદરભાવથી ભરેલાં હતાં. શ્રીગુરુના માર્ગદર્શનનું પાલન કરીને તેમને એ અનુભવ થયો હતો કે પરમ આત્મા અને તેમનો પોતાનો આત્મા એક જ છે.

શિષ્યો એ નક્કી નહોતા કરી શકતા કે તેઓ પોતાના ગુરુને એવી કઈ ભેટ આપે જે તેમની કૃતજ્ઞતા અને ઊંડા સન્માનના ભાવને વ્યક્ત કરી શકે. તેથી તેમણે મહર્ષિ વેદવ્યાસને પૂછ્યું, “હે દિવ્ય પ્રજ્ઞાનના સ્રોત, અમે તમારું સન્માન કઈ રીતે કરી શકીએ?”

અત્યંત કરુણા સાથે, મહર્ષિ વેદવ્યાસે તેમના શિષ્યોને કહ્યું કે તેઓ વર્ષનો એક દિવસ પસંદ કરીને, તેને વિશેષરૂપે શ્રીગુરુનું સન્માન કરવા માટે સમર્પિત કરી શકે છે. અને આ દિવસે શિષ્યો, સદૈવ તેમના શ્રીગુરુને ભેટ અને ઉપહાર અર્પિત કરીને તેમનું સન્માન કરશે.

મહર્ષિ વેદવ્યાસના શિષ્યોએ તેમના માર્ગદર્શનનું પાલન કર્યું. તેમણે અષાઢ મહિનાની પૂર્ણિમાનો દિવસ પસંદ કર્યો કારણકે આ પૂર્ણિમાને, વર્ષની બીજી બધી પૂર્ણિમાઓ કરતાં અધિક પૂર્ણ અને તેજસ્વી માનવામાં આવે છે. આ જ દિવસ ‘ગુરુપૂર્ણિમા’ના નામે ઓળખાય છે — ‘ગુરુપૂર્ણિમા’ એટલે કે શ્રીગુરુનો પૂર્ણચંદ્ર.

ગુરુપૂર્ણિમાની આ પરંપરા યુગો-યુગોથી ચાલી રહી છે. એક સિદ્ધયોગી તરીકે આપણે શ્રીગુરુને કૃતજ્ઞતા અર્પિત કરવાની આ પરંપરામાં ભાગ લઈએ છીએ. આપણે સિદ્ધયોગ ગુરુઓનું — ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, બાબા મુક્તાનંદ અને ભગવાન નિત્યાનંદનું — તેમની કૃપા અને શક્તિપાત દીક્ષાના અમૂલ્ય ઉપહાર માટે સન્માન કરીએ છીએ; તેમનાં અસીમ પ્રેમ, કરુણા અને આશીર્વાદોને માટે તેમનું સન્માન કરીએ છીએ; સિદ્ધયોગ પથની જીવન-રૂપાંતરણકારી શિખામણો અને અભ્યાસો માટે તેમનું સન્માન કરીએ છીએ.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.